આંક–૬

**મહે. લેબર કોર્ટ અમદાવાદના એડી. ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ તથા ન્યાયાધીશ (એસ.ડી.) સાહેબ સમક્ષ, જી.અમદાવાદ.**

**ફોજદારી કેસ નં. ૧૨/૨૦૨૧**

**ફરિયાદી :– સરકારી શ્રમ અધિકારી અને બોનસ ચુકવણી અધિનિયમ ૧૯૬૫ અન્વયેના નીરીક્ષક, અમદાવાદ.**

**: વિરૂધ્ધ :**

**આરોપી :– શ્રી અખિલેશકુમાર રાજેન્દ્રકુમાર,સીંઘ(પ્રોપ્રાયટર) ઈલાઈટ સીકયુરીટી સર્વીસીઝ,**
બ્લોક નં.૩૫/૮૩૬, બીજો માળ, ગુજરાત હાઉસીંગ બોર્ડ, મેઘાણીનગર, અમદાવાદ.

**ગુન્હો:–બોનસ ચૂકવણી અધિનિયમની કલમ – ૨૮ મુજબ.**

ફરિયાદી તરફે : –

આરોપી તરફે : વિ.વકીલશ્રી વી.એસ.પાટીલ.

**–: ચુ કા દો :–**

**(૧)** આ કામના ફરીયાદી સરકારી શ્રમ અધિકારી, અમદાવાદ નાઓએ હાલની ફરીયાદ રજુ કરેલ, જે અત્રેની કોર્ટને એલોટ કરવામાં આવેલ છે. ઉપરોકત કેસની ફરીયાદ ફરીયાદી ઘ્વારા અત્રેની કોર્ટ સમક્ષ ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૧૯૦ (૧) (એ) મુજબ રજૂ કરતા અત્રેની કોર્ટ ઘ્વારા ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૦ (એ) વંચાણે લઈને ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુન્હાનુ સંજ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો. સદરહુ ફરિયાદની હકીકત જોવામાં આવે તો, આરોપીએ લઘુતમ વેતન ધારા અન્વયેના **બોનસ ચૂકવણી અધિનિયમની કલમ – ૨૭(૪)** નો ભંગ કરેલ હોઈ, જે સંદર્ભે સદરહુ કાયદાની કલમ – ૨૮ હેઠળ શિક્ષાપાત્ર ગુનાની ફરીયાદ કરેલ છે.

**(૨)** ત્યારબાદ હાલના કેસમાં આરોપીને સમન્સ ઈસ્યુ કરેલ, જે સંદર્ભે આરોપીઓ વતી તેઓને ઓથોરીટી આપનાર વ્યકિત અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગમાં હાજર થયેલ. જેથી તેઓને ફરિયાદ તથા તેની સાથેના કાગળોની નકલ વિના મૂલ્યે આપવામા આવેલ. ત્યારબાદ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૧ મુજબ ગુન્હાની વિગતો જણાવી ગુન્હો કબૂલ છે કે કેમ ? તેવું પૂછવામાં આવેલ જેથી તેઓએ આરોપી વતી ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે અને અલગથી ગુન્હાની કબૂલાત અંગે પુરસીસ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૨ અન્વયે રજૂ કરેલ છે. તેઓએ આરોપીઓ વતી ગુન્હાની કબૂલાત પુરસીસ રજૂ કરતાં તેઓને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબૂલ કરવા બંધાયેલા નથી અને તેઓ ગુન્હો કબૂલ કરશે તો આવી કબૂલાત તેઓ વિરૂધ્ધ પૂરાવા તરીકે ઉપયોગ લેવાશે. આમ, છતાં તેઓએ આરોપી વતી ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે જેથી તેઓની પ્લી નોંધવામાં આવેલ છે.

**(૩)** તેઓએ હાલની ફરિયાદ અન્વયેનો ગુન્હો કોઈપણ જાતની લાલચ કે દબાણ વિના કબૂલ કરતા હોવાનું જણાવીને કબૂલાત પુરસીસ રજૂ કરેલ છે. વઘુમાં જણાવેલ છે કે, પોતાને આ અંગે જાણ ન હતી અને અગાઉ તેઓ કોઈ ગુન્હામાં સંડોવાયેલા નથી. ભવિષ્યમાં આવો કોઈ ગુન્હો કરશે નહિ તેની ખાતરી આપેલ છે અને પોતાને સુઘરવાની તક આપવા તથા સજા કર્યા

વિના છોડી મૂકવા અથવા કાયદા મુજબ ઓછામાં ઓછી સજાથી પણ ઓછી સજા કરવા અરજ કરેલ છે.

(૪) આ તબકકે **નામદાર મદ્રાસ હાઈકોર્ટ સમક્ષમાં એન.રામૈયા વિરુધ્ધ સ્ટેટ**નો ચુકાદો જોવામાં આવે તો તેમાં આરોપી વતી ઓથોરીટી આધારે જે વ્યકિતને ઓથોરીટી આપેલ હોય તેઓ ગુનાની કબુલાત કરી શકે તેવું ઠરાવેલ છે. તે સંજોગોમાં આરોપીની ઓથોરીટી આધારે જે વ્યકિત અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહીને ગુનાની કબુલાત પુરસીસ રજુ કરેલ હોય તેઓ ગુનો કબુલ કરી શકે તેમ છે. વધુમાં આરોપી સામેના ગુન્હાની હકીકત તથા સજાની જોગવાઈ જોવામાં આવે તો આરોપીએ **બોનસ ચૂકવણી અધિનિયમની કલમ–૨૭(૪)** નો ભંગ કરીને તે કાયદાની **કલમ – ૨૮** મુજબનો ગુન્હો કરેલ છે. તે સંજોગોમાં આરોપીઓ વતી ઓથોરીટી આધારે હાજર રહેનાર વ્યકિત સ્વેચ્છાએ ગુન્હો કબૂલ કરતા હોઈ તેથી તેઓને દોષિત ઠરાવવામાં આવે છે, પરંતુ આરોપીએ જે જોગવાઈનો ભંગ કરેલ છે તે ધ્યાને લેતા તથા ગુનો કબુલ કરનારની ઉંમર, કેસની હકીકત, કેસનું આયુષ્ય, સજાની જોગવાઈ, ગુન્હાનો પ્રકાર વિગેરે, તેમજ ખાસ સવિશેષ **નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર, ૨૦૦૫ (૧) જી.એલ.આર. પાન ૭૦૯** ઉપરનાં ચૂકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતા તેઓને વ્યાજબી તથા ઓછો દંડ કરી સજા કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ગુન્હો ન થાય તે માટે એક તક આપવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયી જણાય છે, જેથી હાલના કેસમાં નીચે મુજબનો હુકમ ન્યાયના વિશાળ હિતમાં કરવામાં આવે છે.

**–: હુકમ ::–**

(૧) આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૨૫૨ મુજબ **બોનસ ચૂકવણી અધિનિયમની કલમ–૨૭(૪)** ના ભંગ બદલ તે કાયદાની **કલમ – ૨૮** મુજબના ગુન્હા સંદર્ભે દોષિત ઠરાવવામાં આવે છે અને પ્રત્યેક આરોપીને પ્રત્યેક ભંગ બદલ **રૂા.૫૦૦/–** **(અંકે રૂપિયા પાંચસો પુરા)** ના દંડની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી વતી ઓથોરીટી આધારે હાજર રહેનાર વ્યકિત **શ્રી મનોજ પરમહંસસિંહ રાજપુત** નાઓને ઉપરોકત દંડની ભરવાની સજા કરવામાં આવે છે.

(૨) આરોપી વતી ઓથોરીટી આધારે હાજર રહેનાર વ્યકિત **શ્રી મનોજ પરમહંસસિંહ રાજપુત** દંડની રકમ ભરવામાં કસૂર કરે તો તેઓએ એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(૩) આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ તા. ૧૧/૦૯/૨૦૨૧ ના રોજ અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તારીખ : ૧૧/૦૯/૨૦૨૧
સ્થળ : અમદાવાદ.

**(નિલેશ અશોકભાઈ ઈજનેર)**
**CODE : GJ00484**
**એડિશ્નલ ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ,**
**ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)**
**લેબર કોર્ટ, અમદાવાદ.**

R.C.GOHEL,P.A.